# ઈસુએ બે-બે ની જોડીમાં સિત્તેર સુવાર્તિકોને મોકલ્યા.

બીજા સ્થાનોમાં જઈને શિષ્યો બનાવવાની અગત્યતા બાળકોને સમજાવો.



**પ્રાર્થના** : હે પ્રભુ, જે સ્થળોના લોકો હજુ જાણતા નથી કે પ્રભુ તેમના પાપ માફ કરે છે અને તેમના જીવનોમાં આનંદ લાવે છે તેવા સ્થાનોમાં સુવાર્તા લઈ જવા અમારી સહાય કરો.

બાળકોની ઉંમર અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિઓ તેમને શિખવવા માટે પસંદ કરો.

**લુક ૧૦:૧-૨૦** વાંચો અને સમજાવો કે પ્રભુ ઈસુએ સિત્તેર શિષ્યોને બબ્બેની જોડીમાં દેવના રાજ્યની સુવાર્તા પ્રગટ કરવા માટે મોકલ્યા હતા. આ રીતે નાના ગ્રુપમાં ટ્રેનીંગ આપીને સેવાની જવાબદારી દ્વારા આખાજગતમાં સુવાર્તા પ્રગટ કરવાની હતી.

**લુક.૧૦:૧-૨૦** એક શિક્ષક અથવા મોટો છોકરો આ વાર્તા કહી જાય.

આ **પ્રશ્નો પૂછો** *(દરેક પ્રશ્નની પાછળ જવાબ તરીકે કલમ નંબર જણાવેલા છે.)*

- દરેક ગ્રુપમાં કેટલા કાર્યકરો ગયા ? *(ક.૧ બબ્બેના ગ્રુપમાં)*
- તેઓએ કઈ બાબત માટે પહેલે પ્રાર્થના કરી ? *(૨)*
- તેઓ નમ્રતાથી ગયા કે લડાયક આત્મામાં ? *(૩)*
- તેઓએ કેટલી સામગ્રી લીધી ? *(ક.૪ ઈસુની ઈચ્છા તેઓ ઓછામાં ઓછી વસ્તુઓ લે તેવી હતી જેથી ભૌતિક બાબતો કરતા તે દેવ પર આધાર રાખે)*
- રસ્તે જતા તેઓ મિત્રોને ત્યાં રોકતા ગયા ? *(૪)*
- જે વ્યક્તિએ તેમને પ્રેમ પૂર્વક આવકાર્યા તેમની સાથે તેઓ રહ્યા ? *(૫-૮)*
- લોકોની મુલાકાત લેતા તેમણે કઈ બે પ્રવૃત્તિઓ કરી ? *(૯)*
- જ્યાં લોકો સુવાર્તાનો નકાર કરતા હતા તેને માટે શું કરવાનું ઈસુએ જણાવ્યું ? *(૧૦-૧૧)*
- ઈસુને શિષ્યો આધિન થયા તેને પરિણામે શેતાનના બળોને શું થયું ? *(૧૮)*
- શેતાનને બાંધવા કરતા કઈ બાબત મહત્વની હતી તેમ ઈસુએ કહ્યું ? *(૨૦)*

સિત્તેર સુવાર્તિકોની વાર્તાનું **નાટક બનાવો**. બાળકો સભામાં આ નાટક ભજવે માટે મુખ્ય આગેવાનની મંજુરી લો. તૈયારીમાં મોટા બાળકો નાના બાળકોની મદદ કરે.

- મોટા બાળકો અથવા સભાજનો આ પાત્ર ભજવે. ઈસુ શત્રુ અને વર્ણન કરનાર જો સભાજન શત્રુનું પાત્ર ભજવે તો સારૂં.
- નાના બાળકો સુવાર્તિકો અને લોકોના પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક** : લુ. ૧૦:૧-૧૬માંથી વાર્તાનો પ્રથમ ભાગ કહે. પછી બોલે, શિષ્યોએ મજૂરો મોકલવા ફસલના ધણીને પ્રાર્થના કર્યા પછી પ્રભુ ઈસુ શિષ્યોને શું કહે છે તે સાંભળો.

**ઈસુ** : બે બેના જૂથમાં જાઓ. વરૂઓની મધ્યે ઘટાં તરીકે સાવધ રહો. સુવાર્તા પ્રગટ કરો. માંદાઓને સાજા કરો. દરેક નગરમાં કહો કે હું જલ્દીથી આવું છું. દેવનું રાજ્ય પાસે છે.

**શિષ્યો** : અમે અમારી સાથે શું લઈએ ?

**ઈસુ** : બને તેટલું ઓછું લો. ઝડપ કરો. માર્ગો કોઈની મુલાકાત લેશો નહી. સુવાર્તાની સેવા તાકીદની છે.

**શિષ્યો** : અમે ક્યાં ઉતરીશું ?

**ઈસુ** : શાંતિનો કોઈ પુત્ર હોય તો શોધો. તમે તે નગરમાં હો ત્યાં સુધી તેના ઘોર રહો. તેની સાથે જાઓ.

**શિષ્યો** : જો લોકો અમારો નકાર કરે તો અમે શું કરીએ ?

**ઈસુ** : જો તમે સ્પષ્ટ સંદેશો આપ્યો હોય અને લોકો હજુ નકાર કરે છે તો બીજા કોઈ સ્થળે જાઓ.

હવે **શિષ્યો** : બબ્બેની જોડીમાં નીકળે છે. અને આવા પોકારો કરે છે. ''સુવાર્તા સાંભળો! તેનાથી અમારા જીવનો બદલાઈ ગયા છે!''

''ઈસુ ના નામમાં સાજાપણું પામો.''

''આપણાં પ્રભુ ઈસુના નામમાં પાપોની માફી પામો.

**વૈરી** : ''હું વૈરી છું ! સર્વ માણસોને હું ધિક્કારું છું !''

તે શિષ્યોની પાછળ પાછળ ફરે છે. અને બોલો છે

''બે બેના જૂથમાં ન જાઓ. મોટા જૂથમાં જાઓ. એમાં સલામતી છે.''

''તમારી સાથે ખૂબ સામાન લો. તેનાથી લોકો પર પ્રભાવ પડશે.''

''સાથે ખાવાનું પણ પુષ્કળ બાંધી લો.''

''રસ્તામાં મિત્રોને મળવાનું ચૂકશો નહિ.''

''એકજ ઘર પર આધાર ના રાખો. જ્યાં સારૂં જમવાનું મળે તેવું ઘર શોધો.''

''જો લોકો તમારા સંદેશાનો નકાર કરે તો ત્યાંથી જતા ના રહેશો. લોકોને આગ્રહ કરવાનું ચાલુ રાખો.''

''જ્યાં સુધી બધા માણસોએ એકવાર સુવાર્તા સાંભળી ન હોય ત્યાં સુધી કેટલાક બે વકત સાંભળે તે યોગ્ય નથી. નગરમાં દરેક બારણે સુવાર્તાની ટ્રાક્ટ નાખી આવો.''

**શિષ્યો** : જો વૈરી આવું બોલો છે તો આપણે પ્રભુ ઈસુની આજ્ઞાો ટાંકીએ.

**ઉદ્‌ઘોષક** : લુ. ૧૦:૧૯-૨૩માંથી વાર્તાનો બીજોભાગ કહે. પછી બોલે, શિષ્યોએ પાછા આવીની ઈસુને શું કહ્યું તે સાંભળો.

**શિષ્યો** : પ્રભુ ઈસુ, અમે આનંદિત છીએ. તમારું નામ શક્તિમાન છે. લોકોને સાજા કરવા અમે તમારા અધિકારનો ઉપયોગ કર્યો. તમારો અધિકાર અમને આપ્યો માટે આભાર. અમે અશુધ્ધ આત્માઓને પણ તાબે કર્યા !''

**ઈસુ** : તમે શક્તિ પામ્યા માટે ખુશ ન થાઓ પણ તમારા નામ આકાશમાં લખેલા છે માટે થાઓ. (પ્રાર્થના કરે છે- હે બાપ, માણસો કે જેઓ બાળકો જેટલા નિર્બળ છે તેમની મારફતે તમે કામ કર્યું માટે હું સ્તુતિ કરૂં છું. તમે મને જેમ કહ્યું તેમ મેં મારો અધિકાર અને સત્ય તેમને સોંપ્યા છે.

**ઉદ્‌ઘોષક** : ભાગ લેનાર- સર્વનો આભાર માને છે.

**પ્રશ્નો** જો બાળકો આ નાટક મોટાઓ આગળ ભજવે તો ભાગ-૧ માંના પ્રશ્નો તેમને પૂછવા દો.

બે માણસો રસ્તા પર ચાલે છે તેવું સાદું **ચિત્ર દોરવાનું** બાળકોને કહો. બીજી ભજનસેવા વખતે આ ચિત્રો બાળકો સભાજનોને બતાવે અને સમજાવે કે આ રીતે આપણે સુવાર્તા દૂર દૂરના સ્થળો સુધી લઈ જવી જોઈએ.

આપણે લોકોને ખ્રિસ્તની આધિનતામાં આવવાનું શિક્ષણ કઈ રીતે આપી શકીએ તેની **ચર્ચા કરો.**

બાળકો આ બાબતના ઉદાહરણો આપે.

યશા. ૫૨ : ૭ અને ૮ કલમો બે બાળકો મોઢે બોલી જાય.

લુક ૧૦ : ૨ અથવા ૧૦ માં અધ્યાયની બીજી કોઈ કલમ ઉપરથી બાળકો ઈસુના શબ્દો આલેખતું ગીત બનાવે.

માર્ક ૧ : ૧૫ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના :** પ્રેમી પિતા, પ્રભુ ઈસુની સુવાર્તા બીજા લોકો સુધી લઈ જવામાં અમારી સહાય કરો. આ જગતની વસ્તુઓથી ભટકી જવાથી અમારૂં રક્ષણ કરો. પ્રભુ ઈસુના શિષ્યોનો નમૂનો લેવામાં અમારી મદદ કરો. જેમ તેમણે તમારા નામને મહિમા આપ્યો એમ અમે તમને મહિમા આપી શકીએ તેવું થવા દો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.